Do's and Don'ts for Microfinance Field Officers

# માઇક્રોફાઇનાન્સ ફિલ્ડ ઓફિસર્સ માટે

# કરવાનાં અને ન કરવાનાં

માઇક્રોફાઇનાન્સ કામગીરી જવાબદાર ધિરાણ, પારદર્શકતા, ન્યાયસંગત વર્તન અને ગ્રાહકના ગૌરવના સિદ્ધાંતો પર આધારિત છે. ધિરાણ લેનારસાથે સીધો સંપર્ક સાધનારા પ્રથમ પ્રતિનિધિ તરીકે શાખા/ફિલ્ડ સ્ટાફની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણછે. તેમનું વર્તન અને નિર્ણય પ્રક્રિયા ગ્રાહક વિશ્વાસ, નિયમનકારી પાલન અને સંસ્થા તેમજ સમગ્ર ક્ષેત્રની પ્રતિષ્ઠા પર સીધી અસર કરે છે .

આ સંદર્ભમાં, આ દસ્તાવેજમાં લોન જીવનચક્ર ના દરેક તબક્કે નૈતિક વર્તન, કામગીરીમાં શિસ્ત અને ગ્રાહક કેન્દ્રિત પ્રથાઓને મજબૂત કરવા માટે શું કરવું અને શું ન કરવું મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. આ માર્ગદર્શિકાનો હેતુ એકસરખા વર્તન ધોરણો સ્થાપિત કરવો, ધિરાણ લેનારના હિતોની સુરક્ષા કરવી અને પાયાના સ્તરે જવાબદાર માઇક્રોફાઇનાન્સ કામગીરીને મજબૂત બનાવવાનો છે.

## લોનની પ્રક્રિયા: તબક્કાવાર શું કરવું અને શું ન કરવું

| શું કરવું | શું ન કરવું |
|---|---|
| **A. ગ્રાહક સાથેની પ્રાથમિક બેઠકો – CGT, GRT, જૂથ રચના વગેરે** | |
| 1. લોન પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં લોન લેનારની સંમતિ અને સમજની ખાતરી કરો. | 1. યોગ્ય પુષ્ટિ વિના ધિરાણ લેનારની સમજ વિશે કોઇ ધારણા ન બાંધો. |
| 2. પાત્રતાના માપદંડો, મૂલ્યાંકન અને લોન પ્રક્રિયા અંગે સંપૂર્ણ પારદર્શિતા જાળવો. | 2. ધિરાણ લેનારાઓને જૂથમાં જોડાવા માટે પ્રભાવિત કે દબાણ કરશો નહીં. |
| 3. લોન લેનારાઓને લોનની ચુકવણીની શિસ્ત, જવાબદારીપૂર્વક લોન લેવી અને લોનના હપ્તા ન ચૂકવવા અથવા ડિફોલ્ટ થવાના પરિણામો વિશે માહિતગાર કરો. | 3. નવા ગ્રાહક નોંધણી અથવા લોન વિતરણને લગતા નિર્ણયો માટે 'રિંગ લીડર્સ' (ring leaders) અથવા 'સેન્ટર લીડર્સ' (center leaders) સાથે વ્યવહાર કરશો નહીં કે તેમના પર આધાર રાખશો નહીં. |
| 4. લોનની શરતો, રકમ, વ્યાજ દર, વીમા પ્રીમિયમ અને કવરેજ વગેરે વિશે તેમજ લોન પરત કરવાની સારી પદ્ધતિના લાભો વિશે લોન લેનારાઓને સમજાવો. | 4. CGT/GRT/અન્ય તાલીમ સત્રોને માત્ર પ્રક્રિયાગત ઔપચારિકતા તરીકે ઉતાવળમાં પૂર્ણ કરશો નહીં. |
| **B. લોનનું મૂલ્યાંકન, જોખમ મૂલ્યાંકન અને વિતરણ** | |
| 5. પરિવારના તમામ કમાવનાર સભ્યો માટે માન્ય KYC દસ્તાવેજો એકત્રિત કરો. અને ક્રેડિટ બ્યુરો (CB) ચેક કરો. | 5. મૂળ દસ્તાવેજોની ચકાસણી વગર KYC સ્વીકારશો નહીં અને તેનો દુરુપયોગ થવા ન દો. |
| 6. કંપની નીતિ અનુસાર દરેક સભ્યના ઘરે મુલાકાત લઇ ઘરઆધારિત આવકનું મૂલ્યાંકન કરો અને પરતફેર ક્ષમતાનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરી નોંધ કરો. | 6. પાત્રતાના માપદંડોને પૂર્ણ કરવા માટે ઘરની આવકના ડેટામાં કોઇ પણ પ્રકારની છેડછાડ કે ખોટી રજૂઆત કરશો નહીં અને માત્ર મૌખિક પુષ્ટિ પર આધાર રાખશો નહીં. |
| 7. કંપનીની નીતિમુજબ લોન કાર્ડ અને સંબંધિત દસ્તાવેજો ગ્રાહકને આપો. | 7. અધૂરા દસ્તાવેજો સાથે આગળ વધશો નહીં. |
| 8. ચૂકવવામાં આવેલી ચોખ્ખી રકમ, કપાત અને લોનની અન્ય શરતો અંગે સ્પષ્ટ માહિતી આપો. | 8. લોનની કિંમત અથવા શરતો અંગે અધૂરી કે ભ્રામક માહિતી ન આપશો. |
| 9. લોન ફક્ત ગ્રાહકના પોતાના ખાતામાં અને તેના પોતાના ઉપયોગ માટે લેવામાં આવી છે તેની ખાતરી કરો. | 9. ધિરાણ લેનારાઓ પાસેથી કોરા ફોર્મ પર સહીઓ ન લો. |

mfin powering responsible finance
MICROFINANCE INDUSTRY NETWORK

# Do's and Don'ts for Microfinance Field Officers

# માઇક્રોફાઇનાન્સ ફિલ્ડ ઓફિસર્સ માટે કરવાનાં અને ન કરવાનાં

| શું કરવું | શું ન કરવું |
|---|---|
| **C. લોન વસુલાત** | |
| **10.** અગાઉથી નક્કી કરેલા અને જાણ કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ, નિયત અને યોગ્ય સ્થળે કેન્દ્રની બેઠકો યોજો. | **10.** કંપની નીતિ વિરુદ્ધ અનિયમિત અથવા અયોગ્ય સમયે ફોન કરીને કે વસુલાત કરીને પરેશાન ન કરશો. |
| **11.** કંપની માર્ગદર્શિકા મુજબ નિર્ધારિત સ્થળે જ હપ્તા વસૂલ કરો. | **11.** કંપનીની નીતિનું ઉલ્લંઘન કરીને ઉધાર લેનારના કાર્યસ્થળો, કોઈપણ જાહેર સ્થળોએ અથવા અન્ય કોઈપણ સ્થળે ચુકવણી વસૂલશો નહીં. મોડી રાત્રે વસૂલાત ટાળો. જો ગ્રાહક વિનંતી કરે તો પણ. |
| **12.** દરેક વસુલાત બદલ રસીદ આપો અને લોન કાર્ડ અપડેટ કરો. | **12.** કોઈપણ વ્યવહાર માટે પહોંચ (રસીદ) આપવામાં વિલંબ કે ઇનકાર કરશો નહીં. |
| **13.** કેન્દ્રની બેઠકોમાં યોગ્ય હાજરી સુનિશ્ચિત કરો અને તણાવના પ્રારંભિક સંકેતો જણાય તો તેની જાણ કરો. | **13.** કેન્દ્રની બેઠકોમાં હાજરી અથવા લોનના દસ્તાવેજોમાં ખોટી સહી ન કરો. |
| **14.** ધિરાણ લેનાર અને તેમના ઘરના સભ્યો સાથે આદરપૂર્ણ અને વ્યાવસાયિક સંવાદ જાળવો. | **14.** ડરામણી કે અપમાન જનક ભાષાનો ઉપયોગ કરશો નહીં. |
| **15.** લોન લેનારાઓની ગરિમાનું સન્માન કરો અને સુખદ, વિનમ્ર તથા બિન-આક્રમક ઢબે વાત કરો. | **15.** વસુલાત દરમિયાન બળજબરી, ધાકધમકી અથવા જાહેરમાં અપમાન ન કરો. |
| **16.** વસુલાત સંબંધિત તમામ રેકોર્ડ (રજિસ્ટર, ફાઇલ, રસીદ, ડિજિટલ ડેટાબેઝ) વ્યવસ્થિત રાખો. | **16.** કોઈપણ સ્થિતિમાં ગ્રાહકની માલ મિલકત જપ્ત ન કરો. |
| **17.** હંમેશા કંપનીનું ઓળખપત્ર (ID card) પહેરો અને યોગ્ય પોશાક ધારણ કરો. | **17.** ગ્રાહકો ને અયોગ્ય સમયે ફોન કરશો નહીં, જેમ કે શોક, બીમારી કે સામાજિક પ્રસંગો દરમિયાન. |
| **18.** જો તમને માઇક્રોફાઇનાન્સ કામગીરીને અસર કરતી કોઈ અનિયમિત પ્રવૃત્તિ, છેતરપિંડી કે બાહ્ય ખલેલ જણાય, તો તરત જ તમારા ઉપરી અધિકારીઓને જાણ કરો. | **18.** વસૂલાતની રકમ તમારા વ્યક્તિગત ખાતામાં જમા કરશો નહીં અને ગ્રાહકો સાથે કોઈપણ વ્યક્તિગત, નાણાકીય કે સામાજિક વ્યવહાર કરશો નહીં. |
| **19.** કંપની સૂચના મુજબ રોકડ રકમ સમયસર શાખા/બેંકમાં જમા કરો. | **19.** કંપની મર્યાદા કરતાં વધુ રોકડ સાથે ન રાખો. |
| **D. અન્ય** | |
| **20.** જો અન્ય કોઈ કર્મચારીઓ દ્વારા કંપનીની પ્રક્રિયાઓના દુરુપયોગ અથવા ઉલ્લંઘનનો કોઈ કિસ્સો તમારા ધ્યાનમાં આવે, તો સુપરવાઇઝરો અથવા ઓડિટ ટીમને તુરંત જાણ કરો. | **20.** અન્ય કર્મચારીઓની પ્રક્રિયા વિરુદ્ધની પ્રવૃત્તિમાં ભાગ ન લો અથવા તેને અવગણશો નહી. |

સૂચના: સભ્ય REsને સલાહ આપવામાં આવે છે કે આ માર્ગદર્શિકા તમામ ફિલ્ડ સ્ટાફ સુધી પહોંચાડે અને આંતરિક SOP તથા મોનીટરિંગ ફ્રેમવર્કમાં તેને સામેલ કરે.

સ્પષ્ટતા માટે સંપર્ક: sro@mfinindia.org

**Microfinance Industry Network (MFIN)**
403 – 404, 409, 4th Floor, Emaar Palm Springs Plaza, Gurugram 122 003, Haryana, India

mfin_india · MicroFinance Industry Network · MicroFinance Industry Network (MFIN) · MFIN · www.mfinindia.org